**પ્રધાનમંત્રીએ નામિબિયાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી (09 જુલાઈ, 2025)**

**09 જુલાઈ, 2025**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી નામિબિયાની પોતાની સત્તાવાર મુલાકાત દરમિયાન, આજે નામિબિયાના રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. નેતુમ્બો નંદી-નદૈતવાહને રાજધાની વિન્ડહોક સ્થિત સ્ટેટ હાઉસ ખાતે મળ્યા હતા. રાષ્ટ્રપતિ નંદી-નદૈતવાહ દ્વારા સ્ટેટ હાઉસ ખાતે પ્રધાનમંત્રીના આગમન પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમનો ઔપચારિક સત્કાર પણ કરવામાં આવ્યો હતો. છેલ્લા 27 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા નામિબિયાની આ પહેલી મુલાકાત છે. આ વર્ષે માર્ચમાં પદભાર સંભાળ્યા પછી, રાષ્ટ્રપતિ નંદી-નદૈતવાહ દ્વારા પણ આ સૌપ્રથમ દ્વિપક્ષીય સત્તાવાર મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

2. પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ નંદી-નદૈતવાહને નામિબિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવતા ગૌરવપૂર્ણ ઇતિહાસને યાદ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ વર્ષે નામિબિયાના સ્થાપક ડૉ. સેમ નુજોમાના અવસાન પર શોક વ્યક્ત કર્યો હતો. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાના માર્ગો પર ચર્ચા કરી હતી, જેમાં સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ડિજિટલ ટેક્નોલોજી અને UPI, કૃષિ, આરોગ્ય અને ફાર્મા, ઊર્જા અને મહત્વપૂર્ણ ખનિજોનો સમાવેશ થાય છે.

3. બંને નેતાઓએ દ્વિપક્ષીય વેપારમાં વૃદ્ધિ પર સંતોષ વ્યક્ત કર્યો અને નોંધ્યું કે આ સંદર્ભમાં સંપૂર્ણ સંભાવનાઓને સાકાર કરવાની બાકી છે. આ સંદર્ભમાં, તેમણે ભારત-SACU PTA પર ચર્ચાઓ ઝડપી બનાવવાનું આહ્વાન કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત નામિબિયાના નિષ્ણાતો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમો દ્વારા વિકાસ સહયોગ પ્રયાસોમાં વધારો કરશે અને નામિબિયામાં ઉત્પાદન સુવિધાઓ સ્થાપવામાં ભાગીદારીની શક્યતાઓ શોધશે. પ્રધાનમંત્રીએ કૃષિ, માહિતી ટેક્નોલોજી, સાયબર સુરક્ષા, આરોગ્ય-સંભાળ, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને બાળ કલ્યાણના ક્ષેત્રોમાં ત્વરિત પ્રભાવ વિકાસ પ્રોજેક્ટ માટે ભારતના સમર્થનની ઑફર કરી હતી. પ્રધાનમંત્રીએ કૃષિ કામગીરી માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં ભારતના અનુભવને શેર કર્યો હતો, જે પ્રોજેક્ટ નામિબિયા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

4. પ્રધાનમંત્રી મોદીએ ભારતમાં ચિત્તા સંરક્ષણ પ્રોજેક્ટમાં નામિબિયાના સહયોગ બદલ રાષ્ટ્રપતિ નંદી-નદૈતવાહનો આભાર માન્યો હતો. તેમણે નામિબિયાને ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સમાં જોડાવા માટે પણ આમંત્રણ આપ્યું.

5. બંને નેતાઓએ પારસ્પરિક હિતના વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. પહલગામ આતંકવાદી હુમલા પછી ભારતના લોકોને મજબૂત સમર્થન અને સાથ આપવા બદલ પ્રધાનમંત્રી મોદીએ નામિબિયાનો આભાર વ્યક્ત કર્યો હતો. બંને નેતાઓ આતંકવાદ સામે વૈશ્વિક લડાઈને મજબૂત બનાવવા માટે પણ સહમત થયા. તેમણે વૈશ્વિક દક્ષિણના અવાજને બુલંદ કરવા માટે સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

6. વાતચીત પછી, બંને નેતાઓ આરોગ્ય અને ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રોમાં બે સમજૂતી કરારોના આદાન-પ્રદાનના સાક્ષી બન્યા હતા. વધુમાં, એવી જાહેરાત કરવામાં આવી હતી કે નામિબિયા આપદા પ્રતિરોધી માળખાગત સંરચના ગઠબંધન અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સમાં જોડાયું છે અને તે UPI ટેક્નોલોજી અપનાવવા માટે લાઇસન્સિંગ કરાર પર હસ્તાક્ષર કરનાર પ્રથમ દેશ છે.

7. રાષ્ટ્રપતિ નંદી-નદૈતવાહ દ્વારા પ્રધાનમંત્રીના માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ નંદી-નદૈતવાહને પરસ્પર અનુકૂળ સમયે ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું.

**વિન્ડહોક**

**09 જુલાઈ, 2025**